CHANAKYA
NI POTHI

Ahmedabad 22-05-2022 Weekend edition

Small exporters feel the pain as Indian rupee slides to an all-time low

The Indian rupee sliding to an all-time low is often considered a boon for India's exports. Smaller exporters have a different story to share.

Agra-based leather footwear exporter Gopal Gupta who has been grappling with challenges and uncertainty fuelled by the Russia-Ukraine conflict that has resulted in high logistics costs, has cancelled orders. A weaker local currency has also led to higher import costs and shrinking margins over the last three months.

"The fact that a weaker currency bodes well for exports doesn't apply to all. When the rupee depreciates, our customers demand benefits or discounts," said Gupta.

"Right now, our import cost has gone up. We import items such as insole board, PU lining material, among others. Similarly, prices of adhesives, dyes, and solvents have also been increased by our local suppliers. So when import or raw material costs go up, and if our product's price doesn't change, our margins shrink."

Gupta is not the only one. As the rupee continues to depreciate against the dollar, industry association officials, along with engineering and footwear exporters, said that small exporters will be adversely affected if the currency continues to remain volatile or further weakens.

A weaker currency can support only certain exports in the short run and benefit only some exporters, said industry officials. An exporter, speaking on condition of anonymity, said the main challenge is to ascertain what the value of the rupee will be in the next few months, as payments are made at a later date.

"We normally have to take a forward cover – predict the value of the rupee vis-a-vis the dollar, which is going to be something different from what it is right now. If an exporter takes a forward cover, assuming that the rupee will be Rs 80 per dollar in six months but it so happens that changes in the economy bring it up to Rs 73 per dollar, then exporters lose a lot," said the exporter, adding that small exporters don't have the wherewithal to take such losses.

The rupee closed at 77.6 on Friday amid rising global crude oil prices.

Last week, Brent crude oil rose more than 6 per cent to $115 per barrel, exacerbating the concerns of a wider current account deficit, as oil imports comprise the lion's share of India's overall import basket.

Geopolitical tensions arising from Russia's invasion of Ukraine have resulted in a surge in global commodity prices and put pressure on the domestic currency.

Pradeep Multani, president, PHD Chamber of Commerce and Industry, said that although large industries tend to benefit from currency depreciation in the short term, in the longer run, it will benefit no one.

"Small and medium enterprises are not highly connected with the global value chains and the decisions taken during the high currency volatility may lead to vulnerable results in the future," said Multani.

Amid rising commodity prices, the cost of imported raw materials are affecting exporters' margins. Exporters of traditional sector goods such as textiles and leather may still benefit, but import-intensive products such as electronics, automobiles, organic chemicals and pharmaceuticals, among others, will face increased prices.

"Going ahead, rupee stability is needed for export growth," said Multani.

According to Aditi Nayar, chief economist at ICRA, with broader trends globally and expectations from the Federal Reserve, the rupee, like many emerging market currencies, has a depreciating bias against the dollar going forward.

However, a weaker currency may not result in significant gains for exports. Firstly, global trade volume may not be as robust in the current fiscal due to muted demand. Secondly, other competitive currencies are also depreciating against the dollar, which will not give any competitive advantage to exports, said Nayar.

"Demand will be more back on in the year. If the Russia-Ukraine war de-escalates and commodity prices ease, it may offset the rise in demand in the second half," added Nayar.

Indian exports remained resilient throughout 2021-22. The government last year had also set an ambitious $400 billion target for exports. Not only was the target met, it was exceeded.

RBI to transfer Rs 30K cr surplus to govt for FY22; lowest amount in 8 yrs

The Reserve Bank of India (RBI) will transfer Rs 30,307 crore as surplus to the government for 2021-22, the central bank said in a statement following its board meeting on Friday. The decision was taken after deciding to maintain the contingency risk buffer at 5.50 per cent of its balance sheet.

According to the Bimal Jalan committee's report, the RBI, at all times, has to maintain a minimum contingency risk buffer of 5.5 per cent.

This year's transfer is sharply lower than what the central bank had did in the previous financial year — Rs 99,126 crore.

The central bank had infused huge liquidity into the system in the last two years of Covid to spur growth. There was excess liquidity of Rs 7 trillion in the banking system on lacklustre credit offtake. Banks parked their excess liquidity with the RBI and on that they get interest, which in turn dented the central bank's profitability.

"The Board also discussed the working of the Reserve Bank during the year April 2021–March 2022 and approved the Annual Report and accounts of the Reserve Bank for the year 2021-22. The Board approved the transfer of Rs 30,307 crore as surplus to the Centre for the year 2021-22, while deciding to maintain the Contingency Risk Buffer at 5.50%," the RBI statement said.

Last year, the transfer of Rs 99,126 crore was for a nine-month period ended March 2021.

"For the year, the government is targeting Rs 74,000 crore approximately as dividend/surplus from the RBI, public sector banks (PSBs) and other public financial institutions (FIs). This will mean that a large part of the profit of PSBs and FIs will have to be transferred to make good this number or else there will be a slippage," said Madan Sabnavis, chief economist, Bank of Baroda.

"In FY22 due to heavy investment by the RBI in reverse repo auctions, which at an average of Rs 6-7 trillion a day at an average cost of even 3.5 per cent, would mean a cost of Rs 21,000-24,500 crore. This would have accrued to the government as the surplus would have been higher," Sabnavis added.

Recently, the government raised over Rs 20,500 crore from the public listing of Life Insurance Corporation.

"The amount of surplus appears to be modestly lower than the budgeted amount. However, the tax receipts are expected to substantially surpass the budgeted level, absorbing the impact of the former," said Aditi Nayar, chief economist, ICRA.

The central board of the RBI reviewed the economic situation, global and domestic challenges, and the impact of recent geopolitical developments, in the meeting.

Amazon, Flipkart in talks to buy stake in $1 bn diagnostic chain Metropolis

Metropolis Healthcare Ltd., a diagnostics chain operating in India and Africa, is looking to raise more than $300 million and bring onboard a strategic partner by selling a significant minority stake, according to people familiar with the matter.

The company is in early discussions with several global strategic investors and other potential purchasers of the shares, said the people, asking not to be identified because the deliberations aren't public. Metropolis, traded in Mumbai with a market value of $1.1 billion -- about half what it was at the start of the year -- tapped Barclays as an adviser, they said. A deal would likely include a sale of primary shares as well as secondary shares by existing investors, including the managing director, that could take the deal size over $300 million.

Walmart Inc.-owned retailer Flipkart and listed health-care chain Apollo Hospitals Enterprise Ltd. are among potential strategic investors that have signed non-disclosure agreements with Metropolis, while Amazon.com Inc. has held preliminary discussions, said one of the people. Agreements are also in place with global funds including KKR & Co., TPG Inc. and Barings, the person said, while talks are ongoing with Blackstone Inc.

Representatives of Metropolis Healthcare, Amazon, Apollo Hospitals, Barings, Blackstone, KKR and TPG declined to comment. Flipkart did not respond to emails seeking comment. A representative for Barclays declined to comment.They have halved since the start of the year amid a broader tech selloff and concerns about intensifying competition.

It has grown as consumers sought out branded operators for tests and scans during the pandemic.

The chain was founded in 1981 by Sushil Shah, whose daughter Ameera Shah has since taken the reins. Ameera Shah currently owns 50% of the company and could offload some of her shares in a secondary transaction that could increase the size of the deal, a person familiar with the discussions said.

Diagnostics chains have become targets for the likes of Amazon and Walmart, which are ramping up health-care services to add to their retail offerings in India. Spending on preventive health care such as testing is rising in the country of 1.4 billion people, driven by chronic and lifestyle-related diseases and an aging population.

Intensifying competition is driving consolidation, with online pharmacy startup Pharmeasy buying a majority stake in publicly traded diagnostics chain Thyrocare Technologies last year for $612 million. Metropolis acquired diagnostic chain Hitech Diagnostic Centre for 6.36 billion rupees ($82 million) last year. To remain competitive, diagnostics companies need to invest heavily in newer technology and equipment and strengthen their online offerings. Despite the hits to its market price, Metropolis said it is focusing on expansion. It plans to start 1,800 collection centers in the next three years, the company said in an exchange filing. It would boost its home collection service to 200 locations within two years, it said in its most recent earnings filing in February.

State Bank of India looks to offload retail, SME NPAs via portfolio sale

State Bank of India (SBI), the country's largest lender, is changing its strategy to recover bad loans up to Rs 500 crore.

This financial year, it will look at doing "pool" sales of mid-size units, small and medium enterprises (SMEs), and retail bad loans.

To date it has been engaging in account-by-account sales.

There are two strands in selling bad loans. One is big-ticket accounts, which will move to newly formed National Asset Reconstruction Company Ltd (NARCL), and the second is the non-NARCL portfolio, where the bank intends to sell loans totalling Rs 3,500-4,000 crore.

The realisation expected for non-NARCL sales is 35-40 per cent, a senior SBI executive said.

NPAs in personal loans, SMEs, and agriculture stood at Rs 57,857 crore at the end of March 2022.

Some asset reconstruction companies and special situation funds are looking to buy -- on a portfolio basis -- loans of retail customers and micro, small, and medium enterprises.

The bank has not been active in this (pool sale). Other banks and finance companies are active offloading NPAs by bundling small-value loans.The bank will not sell education loans (NPAs).

There are loans to salaried people where the borrower is employed but has failed to make repayment. Such loans would be identified and sold in a pool to ARCs.

The exercise will involve bundling 10,000-20,000 retail or SME loans. ARCs and funds will do due diligence and valuations and acquire that from the bank.

They would then engage in the recovery process. The bank is careful about practices that the ARC or funds follow in making recoveries, another official said.

SBI's asset quality profile improved with gross non-performing assets (NPAs) declining to 3.97 per cent as of March 31, 2022, from 4.98 per cent in March 2021.

Its net NPAs declined to 1.02 per cent in March 2022, down from 1.5 per cent a year ago.Loan loss provisions fell sharply by 67.10 per cent to Rs 3,262 crore in Q4FY22 from Rs 9,914 crore in Q4FY21.

However, the provision coverage ratio (PCR) improved to 90.2 per cent in March 2022 from 87.75 per cent a year ago.

The bank's recoveries and upgrades from NPAs were higher at Rs 21,437 crore in FY22 from Rs 17,632 crore in FY21, the year when the pandemic hit in a major way.The recoveries and upgrades were Rs 25,781 crore in FY20.

Metro Cash & Carry may offer control to investor to fund expansion

Metro Cash & Carry is looking at raising $300-400 million from a strategic investor after its German parent Metro AG declined to infuse fresh funds for its expansion in India.

The company is willing to offer control and has asked merchant bankers J P Morgan and Goldman Sachs to identify prospective investors, though no detailed negotiations have started with anyone for the $2 billion valuation it expects, sources said.

These bankers have been looking for investors since January when the Indian operations finalised their cash requirement for expansion and taking on the competition, with the help of Bain & Co.

At least one company which was among the earliest to have been sounded out mentioned a valuation figure of not more than $700-800 million.

A Metro AG spokesperson said it was reviewing 'strategic options' with potential partners to enhance Metro's wholesale capacities and accelerate business development in India but would make no further comment.

Sources say that the parent company decided not to fund Metro Cash & Carry any further primarily because it might have a substantial impairment on its books because of the adverse impact on its business in Ukraine and Russia where many stores were closed or destroyed. That is why the parent company is unwilling to invest in India.

But, sources say that Metro Cash & Carry had informed the parent company that it needed to expand its operations from 31 stores currently in India to over 100 stores, expand to many more cities, open up more dark stores, invest in technology, and expand its e-commerce online business which already accounts for 20 per cent of its revenues. It also would need money to take on tough competition from other players such as JioMart, Udaan, and Amazon.

Sources say Metro Cash & Carry also has to combat many of the big players who are selling their products at huge discounts and focusing on topline growth by selling large volumes of products such as oil to shore up revenues.

Sources say the money Metro needs would be required in three to four years, that is, $100 million every year. Those involved in the process say that the asset would attract most of the key e- commerce players in the country. The names going around include Reliance and the CP group of Thailand (which has started cash and carry in India but is a small player).

Sources say Metro Cash & Carry expects attractive valuations from a prospective investor as it is about to hit revenues of $1 billion, has been EBIDTA-positive for over four years, and is expected to see a growth of around 35 per cent in EBIDTA this financial year ending in September. This, while other e-commerce players are in the red.

"We have been profitable since 2018, now continuously for four years in a row. We have seen a big jump (+57 per cent) in our EBITDA for FY21 vs FY20. Our e-commerce business in FY21 grew by 5.7 times vs PY and we have successfully opened three new stores in India in the last nine months," said a Metro India spokesperson.

Those in the know say that the process of engaging with an investor will take a while. No direct discussions with possible investors have yet taken place. The merchant bankers mandated by the parent company are expected to identify investors, after which negotiations could take a while.

"While we are open to an investor taking a majority stake, it will all depend on what its strategy is - whether it wants to be a minority player or take control. We have not reached that stage," said a source aware of the process

Metro Cash & Carry has been operating in India for 19 years.

Amara Raja Batteries Q4 profit dips 47.8% at Rs 98.85 cr, revenue up 3.7%

Amara Raja Batteries Ltd on Friday reported a decline of 47.80 per cent in consolidated net profit at Rs 98.85 crore in the fourth quarter ended March 2022.

The company had posted a net profit of Rs 189.38 crore in the January-March period a year ago, Amara Raja Batteries Ltd said in a regulatory filing.

However, its revenue from the operations was up 3.72 per cent at Rs 2,180.96 crore during the quarter under review as compared to Rs 2,102.61 crore in the year-ago period.

Its total expenses were at Rs 2,064.13 crore in the March quarter of FY 2022.

"We are steadfast in our longterm strategy of Energy and Mobility leadership, and are building upon our strength to expand our global footprint for the lead-acid battery business, while at the same time making very good progress in the viable new energy technologies space," Amara Raja Batteries CMD Jayadev Galla said.

The company's board of the directors recommended a final dividend of 50 paise per equity share (representing 50 per cent) on face value of Re 1 each for the financial year 2021-22.

"This dividend is in addition to the interim dividend of Rs 4 per equity share (representing 400 per cent) declared by the board on November 12, 2021," it said.

Indiabulls Housing Finance Q4 net up 11.23% to Rs 307 cr, FY22 net dips

Indiabulls Housing Finance Ltd's net profit rose by 11.23 per cent to Rs 307 crore for the fourth quarter ended March 2022 (Q4FY22) from Rs 276 crore in Q4FY21.

However, for FY22 its net profit dipped to Rs 1,178 crore from Rs 1,202 crore in FY21.Its income from operations fell to Rs 2,189 crore in Q4FY22 from Rs 2,372 crore in Q4FY21. The amount set aside for impairment on financial instruments declined to Rs 92 crore from Rs 316 crore.

Its assets under management (AUM) shrunk to Rs 72,211 crore in March 2022 from Rs 80,741 crore.The company in a statement said AUM consolidation has ended in FY22. The base has been formed for 10 per cent growth in AUM for FY23, and 15% for FY24 and FY25.

ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૮ અંક : ૨૨૨ તા.૨૨-૦૫-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

બ્રિટનના અર્થતંત્રમાં પણ અત્યારે ૩૦ વર્ષ પછી સૌથી ઊંચા દરે ફુગાવો

ગયા અંકમાં દર્શાવ્યું હતું તે મુજબ સપ્તાહની શરૂઆતમાં સોમવાર અને મંગળવારે ખૂબ સુંદર ઉછાળો જોવાયો. બુધવારે પણ બજાર પોઝિટિવ ઝોનમાં ખૂલ્યું હતું, પરંતુ બપોર પછીની સેશનમાં ફરી એક વખત વેચવાલીનું દબાણ આવી ગયું અને તે પછી ગુરુવારે સેન્સેક્ષમાં ૧૪૦૦ પોઈન્ટનો તોતીંગ ઘટાડો જોવાયો. ગુરુવારે મોડી રાત્રે અમેરિકન શેરબજારમાં પણ અતિશય તીવ્ર વેચવાલી જોવાઈ હતી અને ન્યૂએજ અને આઈટી શેરોમાં પત્તાના મહેલની જેમ ભાવ તૂટી ગયા છે. અમેરિકામાં રીટેઈલ કામકાજ ધરાવતી ટાર્ગેટ નામની એક કંપનીનો શેર બે-ત્રણ દિવસમાં જ ૨૫ ટકા જેટલો તૂટી ગયો હતો. અને જે રીતે ગુરુવારે અમેરિકન શેરબજારમાં ઘટાડો જોવાયો તેને કારણે અમેરિકાનું માર્કેટ હવે મંદીના તબક્કામાં દાખલ થઈ રહ્યું હોવાનું સ્પષ્ટ રીતે જોવાય છે.

અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન દ્વારા ફુગાવો જ્યાં સુધી અંકુશમાં નહિ આવે ત્યાં સુધી તીવ્રતાથી વ્યાજદર વધારાશે તેમ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે. ફેડરલ રિઝર્વના ચેરમેન ક્યારેય પણ ગોળગોળ વાતો નથી કરતા અને અર્થતંત્ર અંગે તેઓ શું પગલા લેશે તે સ્પષ્ટ શબ્દોમાં દર્શાવે છે અને તેમની આ સ્પષ્ટતા પછી આગામી મીટીંગોમાં ફેડરલ રિઝર્વ દ્વારા ૫૦ બેઝિક પોઈન્ટનો ફરી એક વખત વધારો આવશે તેમ સ્પષ્ટ રીતે મનાય છે.

સામે પક્ષે બ્રિટનના અર્થતંત્રમાં પણ અત્યારે ૩૦ વર્ષ પછી સૌથી ઊંચા દરે ફુગાવો જોવાય છે અને તેને કારણે બ્રિટનની સેન્ટ્રલ બેંકે પણ વ્યાજદર વધારવાની શરૂઆત કરી નાખી છે. જાન્યુઆરી મહિનામાં સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સમાં જે ટોપ જોવાયું હતું તે પછી તે અમેરિકન ઈન્ડેક્ષમાં ૧૮.૬૦ ટકાનો ઘટાડો જોવાયો છે અને ઈન્ટ્રાડે હાઈથી ઘટાડો ગણીએ તો તેમાં ૧૯ ટકાનો ઘટાડો જોવાયો છે. જ્યારે અમેરિકામાં બાવન અઠવાડિયાના ટોચના લેવલથી ૨૦ ટકાનો ઘટાડો ઈન્ડેક્ષમાં આવે ત્યારે ઈન્ડેક્ષ મંદીના તબક્કામાં દાખલ થઈ છે તેમ માનવામાં આવે છે અને તે દૃષ્ટિએ જોઈએ તો હવે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ-૫૦૦ મંદીના તબક્કાથી સહેજ જ દૂર છે અને નવા અઠવાડિયાથી સ્પષ્ટ રીતે મંદીના તબક્કામાં પ્રવેશસે તેમ મોટા ભાગના સ્ટોક એનાલિસ્ટો માની રહ્યા છે.

ટાર્ગેટ પછી વોલમાર્ટના શેરના ભાવમાં પણ તીવ્ર ઘટાડો જોવાયો છે

ટાર્ગેટ પછી વોલમાર્ટના શેરના ભાવમાં પણ તીવ્ર ઘટાડો જોવાયો છે. આ બંને કંપનીઓના માર્ચ ક્વાર્ટરના આંકડા તો નબળા આવ્યા છે અને છેલ્લા ૧૦ વર્ષના ઊંચા ફુગાવાને કારણે અમેરિકામાં પણ ગ્રાહકોની ખરીદી ઉપર ખૂબ જ મોટી અસર પડી રહી છે. અને તેથી અમેરિકામાં ગ્રાહકો અંગેના ગભરાટને કારણે આગામી દિવસોમાં વધારે મોટી વેચવાલી જોવા મળે તો સહેજેય નવાઈ નહિ લાગે.

સામે પક્ષે શુક્રવારે સવારે એશિયાઈ બજારોમાં પણ તોફાની વેચવાલી જોવાઈ હતી. ઓસ્ટ્રેલિયાના શેરબજારમાં તીવ્ર ઘટાડો જોવાયો છે અને સામે પક્ષે જાપાનના નિકાઈ-૨૨૫માં પણ ૧.૮૯ ટકાનો ઘટાડો જોવાયો. દક્ષિણ કોરિયાના કોસ્પીમાં પણ એક જ દિવસમાં ૧.૨૮ ટકાનો ઘટાડો જોવાયો છે. જ્યારે હોંગકોંગના હેનસેંગ ઈન્ડેક્ષમાં શુક્રવારની એક જ સેશનમાં ૨.૫૪ ટકાનો ઘટાડો જોવાયો. ચીનની ટેકનોલોજી જાયન્ટ ટેનસેનનો શેર ૬.૫૧ ટકા તૂટી ગયો હતો અને કંપનીએ તેના ત્રિમાસિક નફામા ૫૦ ટકાનો તોતીંગ ઘટાડો દર્શાવ્યો છે. અન્ય ચીની કંપની અલિબાબાનો શેર એક જ દિવસમાં ૭.૩૯ ટકા તૂટ્યો હતો અને હેંગસેંગ ટેકનોલોજી ઈન્ડેક્ષ ૩.૯૮ ટકાનો ઘટાડો શુક્રવારે સવારે દર્શાવતી હતી.

આ ડેવલપમેન્ટ વચ્ચે ભારતીય શેરબજારમાં પણ બજાર નબળું ખૂલશે તેવો ભય હતો પરંતુ તેને બદલે ભારતમાં સેન્સેક્ષમાં ૧૦૨૧ પોઈન્ટનો ઉછાળો ખૂલતાની સાથે જ જોવાયો છે તેમ છતાં બજારના ખેલાડીઓને આ ઉછાળા અંગે સહેજ પણ વિશ્વાસ નથી. અને જે રીતે રિઝર્વ બેંકની નોર્મલ અને રુટિન મીટીંગમાં તેમણે કોઈ જ નિર્ણય ન લીધો અને ચાર દિવસ પછી અચાનક જ ફરી વખત મીટીંગ બોલાવીને વ્યાજદરમાં ૫૦ બેઝિક પોઈન્ટનો વધારો કરી નાખ્યો તે જોતા હવે જૂન મહિનાની રિઝર્વ બેંકની મીટીંગમાં પણ ફરી એક વખત ૫૦ બેઝિક પોઈન્ટનો વ્યાજદર વધે તે સંભાવના મજબૂત છે.

ચાણક્યના ગયા અઠવાડિયાના માર્કેટ રિપોર્ટમાં ભારતીય અર્થતંત્રની નબળાઈ કેટલી તીવ્ર છે તેનું વિસ્તૃત એનાલિસીસ સરળ ભાષામાં આપ્યું હતું. ચાણક્યમાં અમે સ્પષ્ટ રીતે દર્શાવી રહ્યા છીએ કે આગામી દિવસોમાં રૂપિયો ઝડપથી ૮૦ તરફ આગળ વધી રહ્યો છે અને તે માટે ફરી એક વખત સરળભાષામાં સમજ આપવી જરૂરી છે. જે રીતે કંપનીમાં નુકસાન હોય તો રોકડ ભંડોળ વપરાય અને તેને સરભર કરવા માટે બહારથી ભંડોળ લાવવું પડે તે જ રીતે ભારતીય અર્થતંત્રમાં મહિનાઓથી વ્યાપાર ખાધ તીવ્ર છે એટલે કે દેશમાં જે ડોલર આવે છે તેની સરખામણીમાં ડોલરની ચૂકવણી વધારે કરવી પડે છે અને તેથી જે તૂટ પડતી હતી તે તૂટ વિદેશી રોકાણકારોના ડોલરના પ્રવાહ દ્વારા ઘણા મહિનાઓથી સરભર થતી હતી, પરંતુ હવે તે વિદેશી રોકાણકારો દરરોજનું ચાર હજારથી પાંચ હજાર ડોલરનું ભંડોળ પાછું ખેંચી રહ્યા છે એટલે સ્વાભાવિક છે કે ડોલરની ખેંચ ઊભી થવાની અને રિઝર્વ બેંક અત્યારના તબક્કે ડોલર ઠાલવીને પણ રૂપિયામાં જે ઘસારો છે તેને અટકાવી શકે તેમ નથી.

બીજી તરફ રૂપિયાનું મૂલ્ય ફુગાવા સાથે સીધો સંબંધ ધરાવે છે. ફુગાવો જેટલો વધે તેટલા પ્રમાણમાં રૂપિયાના મૂલ્યમાં ધોવાણ થતું જાય અને તે દૃષ્ટિએ જોઈએ તો અત્યારે જે ફુગાવાનો દર ૧૦ ટકાના લેવલે ચાલી રહ્યો છે તે જોતા રૂપિયાના મૂલ્યમાં હજી વધારે ઘટાડો થાય તેમ સ્પષ્ટ રીતે કહી શકાય.

રૂપિયો ઘસાતો જાય એટલે સ્વાભાવિક છે કે આપણી ક્રૂડની પડતર ઊંચકાતી જાય અને ક્રૂડ મોંઘી થયું એટલે ફરી એક વખત મોંઘવારી વધે અને ફરી વખત રૂપિયો વધારે ઘસાય અને ફરી એક વખત વિદેશી રોકાણકારો વધારે ઝડપથી ભંડોળ પાછું ખેંચવા લાગે.

બિચારા વિદેશી રોકાણકારોની વાત કરીએ તો પાંચ-દસ ટકાના રિટર્ન માટે તેઓ ભારત જેવા દેશમાં ભંડોળ લાવે છે અને અત્યારે કરન્સીની દૃષ્ટિએ જ દર મહિને તેમની મૂડીમાં જ પાંચથી દસ ટકાનું ધોવાણ થઈ રહ્યું છે અને સ્વાભાવિક છે કે તેઓ ઝડપથી પોતાનું ભંડોળ ભારત જેવા વિકાશશીલ દેશોમાંથી પાછું ખેંચીને અમેરિકન બોન્ડમાં શિફ્ટ કરી દે.

એક ઈન્વેસ્ટર તરીકે તમને પ્રશ્ન થશે કે આ વિષચક્રમાંથી બહાર કેવી રીતે નીકળાય ? આ વિષચક્રમાંથી બહાર નીકળવા માટે યુક્રેન અને રશિયા વચ્ચે સમાધાન થાય અને ક્રૂડ ઝડપથી નીચું આવે તો આપણે વિષચક્રમાંથી બહાર આવી શકીએ અને ત્યાં સુધી અર્થતંત્રની ખરાબી અને સાથે સાથે શેરબજારની ખરાબી તીવ્ર રહેશે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે અને તેથી શુક્રવારના ઉછાળાથી એકદમ મૂડમાં આવી જવાને બદલે પોતાની લોંગ પોઝિશન હોય તો તેને સરખી કરવામાં આવા ઉછાળાનો ઉપયોગ કરતા જવો જોઈએ અને સારા શેરોમાં લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે થોડા મહિના ભંડોળ પાર્ક કરીને થોડા મહિના શાંતિથી બેસી જવામાં જ સલામતી છે. કેમ કુદરતી વાવાઝોડા વખતે તેની સામે થઈને રોકવા જઈએ તો ક્યાંય ઊડી જઈએ તે જ પ્રકારે અત્યારે મંદીના વાવાઝોડામાં સહેજ પણ હોશિયાર થવા જશો તો ક્યાં ધોવાઈ જશો તે ખબર પણ નહિ પડે.

સામે પક્ષે આ પ્રકારના ફુગાવા વખતે શેર ઈન્વેસ્ટમેન્ટ અને પ્રોપર્ટી ઈન્વેસ્ટમેન્ટ અતિશય ફાયદાકારક સાબિત થાય છે અને તેથી ભલે અત્યારે શેરના ભાવ ઘટતા હોય પરંતુ શેરમાંથી પૈસા પાછા ખેંચીને બેંક ડિપોઝીટમાં શિફ્ટ થવા જશો તો અતિશય મોટું નુકસાન થઈ જશે અને તેથી ફરી એક વખત આવી ભૂલ ન કરવું સ્પષ્ટ રીતે દર્શાવીએ છીએ.

ઓટોમોબાઈલ કંપનીઓની હાલત નાજૂક છે. એક તરફ તેમના તમામ પ્રકારના કાચામાલ સ્ટીલ, એલ્યુમિનિયમ, કોપર અને રબર અને પ્લાસ્ટિકના ભાવમાં ખૂબ જ મોટો ઉછાળો છે અને સામે પક્ષે પેટ્રોલ, ડિઝલ અને ગેસના ભાવ અતિશય તીવ્રતાથી વધી રહ્યા હોવાથી માંગ ઉપર પણ ગંભીર અસર પડી ગઈ છે અને તેથી આવા માહોલમાં ભાવ વધારવાની ઈચ્છા હોય તો પણ ઉત્પાદકો ખૂબ જ નાના પ્રમાણમાં ભાવ વધારો કરી શકે છે. અને આ ટ્રેન્ડને કારણે તમામ ઓટોમોબાઈલ કંપનીઓની નફાશક્તિને ગંભીર અસર પડી છે.

તાતા મોટર્સની જ વાત કરીએ તો અત્યારના તબક્કે ભલે ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોમાં તેમની સ્થિતિ મજબૂત હોય અને સાથે સાથે કોમર્શીયલ વાહનો અને બસના વેચાણો પણ સુંદર છે પરંતુ તાતા મોટર્સના કુલ વેચાણોમાં જગુઆર અને લેન્ડરોવર લગભગ ૭૫થી ૮૦ ટકા હિસ્સો ધરાવે છે અને તેના વેચાણો અતિશય દબાણ હેઠલ આવી ગઈ છે. ચીન ખાતેના જગુઆર અને લેન્ડરોવરના વેચાણોને પણ લોકડાઉનને કારણે અસર પડી છે અને તેથી ભલે કંપનીના માર્ચ ક્વાર્ટરના પરિણામો કંઈક સારા આવે, પરંતુ જૂન ક્વાર્ટરના પરિણામો અંગે ખાસ કોઈ આશા નથી. **તાતા મોટર્સ**નો શેર અત્યારે સહેજ વધીને રૂા. ૪૧૯ ઉપર આવ્યો છે. અને શુક્રવારની એક જ સેશનમાં આ શેરમાં રૂા. ૨૦નો ઉછાળો જોવાયો. મધ્યમગાળાના ઈન્વેસ્ટમેન્ટની રીતે આ શેર માટે રૂા. ૬૦૦નું લક્ષ્યાંક છે, પરંતુ શોર્ટટર્મમાં આ શેરમાં નબળાઈ ચાલુ હેવાની સંભાવના વધારે છે અને તેથી જો પોતાના પૈસા હોય અને જાળવી રાખવાની તાકાત હોય તો આ શેરમાં નાના લોટમાં રોકાણ વધારતા જવાય.

સામે પક્ષે **અશોક લેલેન્ડ**ને નિકાસમાર્કેટ અને પરદેશના માર્કેટમાં ખાસ અસર નથી કારણ કે પરદેશમાં તેના ખાસ વેચાણો નથી, પરંતુ ભારત ખાતે તેના માર્ચ ક્વાર્ટરના પરિણામો ખૂબ સુંદર આવશે તે આશાવાદને કારણે આ શેરમાં હજી મજબૂત ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. અશોક લેલેન્ડ અત્યારે રૂા. ૧૨૮ ઉપર છે અને આ શેરમાં હજી મંદીની મોટી અસર પડે તે સંભાવના દેખાય છે. અને તેથી આ શેરમાં રોકડી કરીને સલામત થઈ જવામાં જ શાણપણ છે.

સામે પક્ષે **હીરો મોટોકોર્પ**ના વેચાણોને પણ ગંભીર અસર પડી છે. આ કાતિલ મોંઘવારીમાં સૌથી વધારે ખરાબ અસર પગારદાર વ્યક્તિ અને નાની આવકો ધરાવતી લોકો ઉપર જ થાય છે. બે કરોડની આવક ધરાવનાર પૈસાદાર વ્યક્તિને આ મોંઘવારીની નહિવત અસર છે પરંતુ મોટરસાઈકલ ખરીદનાર વર્ગ ઉપર ગંભીર અસર પડી છે અને સ્વાભાવિક છે તેને કારણે હીરો મોટોકોર્પ અને બજાજ ઓટોના વેચાણો તૂટ્યા છે. અત્યારે તો આ બંને કંપનીઓ ચિપ્સની શોર્ટેજને કારણે વેચાણો ઘટી રહ્યા હોવાનું કારણ દર્શાવે છે, પરંતુ હાલત કોફાડી છે. આ પરિસ્થિતિ વચ્ચે હીરો મોટોકોર્પનો શેર રૂા. ૩૧૦૦ના લેવલથી ઘટીને અત્યારે રૂા. ૨૫૦૦ આસપાસ અથડાઈ રહ્યો છે અને તેમાં શોર્ટટર્મમાં હજી નાના ઉછાળાની જગ્યા છે. આખું બજાર મંદીમાં છે ત્યારે આ શેર અને બજાજ ઓટોનો શેર અતિશય ધીમા દરે થોડા થોડા સુધરી રહ્યા છે અને તેથી શોર્ટટર્મ એન્ગલથી તેમાં થોડુંક તેજીનું કામ કરવું હોય તો કરી શકાય.

બજાજ ઓટોમાં પણ ઉપર દર્શાવ્યું તે મુજબ શોર્ટટર્મ તેજીની અસર દેખાય છે અને તેથી આ શેરમાં પણ આગામી દિવસોમાં તૂટતા બજારમાં થોડો થોડો સુધારો જોવા મળે તે સંભાવના મજબૂત છે.

સામે પક્ષે દક્ષિણ ભારતના માર્કેટમાં મજબૂત પોઝિશન ધરાવતી **ટીવીએસ મોટર્સ**નો શેર છેલ્લા આઠ દિવસમાં રૂા. ૫૯૦થી વધીને રૂા. ૬૮૫ ઉપર આવ્યો છે. ગયા અઠવાડિયે ટીવીએસ મોટર્સ દ્વારા ઈલેક્ટ્રિક બાઈકના ત્રણ નવા મોડલો લોન્ચ કર્યા અને જે રીતે આ કંપની ઈલેક્ટ્રિક વાહનમાં મજબૂત રોકાણ કરી રહી છે તેને કારણે આ શેરમાં અત્યારે થોડીક પોઝિટિવ માનસિકતા છે અને તેથી હજી થોડા દિવસ આ શેરમાં થોડો ઉછાળો જોવા મળે તે સંભાવના મજબૂત છે અને તેથી સાવચેતી પૂર્વક આ શેરમાં તેજીનો વેપાર કરી શકાય.

રોયલ એનફિલ્ડ મોટરસાઈકલ બનાવતી **આયશર મોટર્સ**ને પણ મંદી અને ફુગાવાની ખાસ અસર નથી. તેની મોટરસાઈકલો અઢીથી પાંચ લાખની રેન્જમાં આવે છે અને પૈસાદાર વ્યક્તિ જ તેને ખરીદે અને તેથી વેચાણો ઉપર ખાસ અસર નથી. છેલ્લી ૧૦ સેશન દરમ્યાન રૂા. ૨૩૦૦ના લેવલથી વધીને આ શેર રૂા. ૨૬૯૮ના લેવલે આવી ગયો છે પરંતુ આ નાના ઉછાળાથી એકદમ ખુશ થઈને તેજીની મોટી પોઝિશન બાંધી દેવામાં જોખમ છે. વધઘટના આ તબક્કામાં શક્ય છે કે રૂા. ૨૮૦૦ના લેવલથી ફરી એક વખત ભાવ તૂટવાનું શરૂ થઈ જાય.

એસએમએલ ઇઝુઝુનો શેર અત્યારે સ્પષ્ટ રીતે મંદીના તબક્કામાં છે. મુખ્યત્વે તેના વાહનો, ઓફિસ બસ, સ્કૂલબસ અને એમ્બ્યુલન્સમાં વપરાય છે અને તેમાં ઓફિસ બસની માંગને મોટી અસર પડી છે. મોટી કંપનીઓ ૨૦૦થી ૫૦૦ના દરે માણસો છૂટા કરી રહી છે. સાથે સાથે આ માર્કેટમાં હવે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા પણ દાખલ થયું હોવાથી અને તેણે પણ કોર્પોરેટ ટ્રાન્સપોર્ટમાં ઝંપલાવ્યું હોવાથી એસએમએલ ઈઝુઝુ માટે હરિફાઈ તીવ્ર બની છે અને તેથી આગામી દિવસોમાં આ શેરમાં વધારે ઘટાડો જોવાય તે સંભાવના મજબૂત છે.

ફોર્સ મોટર્સમાં પણ લાંબો કસ નથી દેખાતો. આ કંપની ખાસ કોઈ અલગ પ્રકારનું માર્કેટ ઊભું કરવામાં સફળ નથી થઈ અને તેથી રૂા. ૧૦૧૫વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા.૯૫૦ સુધી ભાવ ઉતરી જાય તે સંભાવના મજબૂત છે.

તમામ ઓટો શેરોમાં કંઈક મજબૂત પોઝિશન **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**ની છે. મહિન્દ્રા થારના જોરદાર વેચાણો પછી તેમાં અત્યારે ૮થી ૧૦ મહિનાનું વેઈટિંગ લિસ્ટ થઈ ગયું છે. કંપનીએ ગયા અઠવાડિયા નવી સ્કોર્પિયો પણ લોન્ચ કરી અને લેટેસ્ટ ટ્રેન્ડ જોઈએ તો ફોડ ઈકો સ્પોર્ટ્સ અને હુંડઈ ક્રેટામાંથી ગ્રાહકો મહિન્દ્રા થાર અને સ્કોર્પિયોમાં શિફ્ટ થઈ રહ્યા છે.

સામે પક્ષે ટ્રેક્ટરના વેચાણો સારા છે અને સાથે સાથે તેની અન્ય પેટા કંપનીઓની કામગીરી પણ મજબૂત છે. ગમે ત્યારે વેલ્યૂઅનલોકિંગ થાય અને પેટા કંપનીઓના આઈપીઓ આવે તે સંભાવના મજબૂત છે અને તેથી અત્યારના ભાવથી આ શેરમાં એકદમ ધીમા અપટ્રેન્ડની ગણતરી છે અને તેથી તે શેર ઉપર ફોકસ રાખી શકાય.

અતુલ ઓટો અત્યારે રૂા. ૧૭૬ ઉપર છે અને આ શેરમા પણ આગામી દિવસોમાં મજબૂત ઘટાડા સાથે રૂા. ૧૬૦-૧૫૦નું લેવલ જોવા મળે તો સહેજેય નવાઈ નહિ લાગે. અને તેથી તેમાં પણ થોડાક હળવા થઈ જવામાં સલામતી છે. રોકાણ ઘટાડાય.

ટાયર શેરોમાં અત્યારે થોડોક તેજીમય ટ્રેન્ડ ચાલી રહ્યો છે. મુખ્યત્વે કાચામાલની કિંમતોમાં તીવ્ર ઉછાળા પછી મોટા ભાગની ટાયર કંપનીઓએ વેચાણ કિંમતો વધારી દીધી છે. વેચાણ વોલ્યૂમમાં ખાસ કોઈ સુધારો નથી અને વોલ્યૂમની દૃષ્ટિએ તો વેચાણો ઘટ્યા છે તેમ છતાં અત્યારના તબક્કે ઓપરેટરો ટાયર શેરોને ધીરે ધીરે ઊંચકતા જવાની સ્ટ્રેટેજી ધરાવે છે. **એપોલો ટાયર** રૂા. ૨૧૮ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૨૨-૨૩૦ના ભાવની સંભાવના મજબૂત છે. સામે પક્ષે **એમઆરએફ**નો શેર પણ અત્યારે વધીને રૂા. ૭૪૪૦૨ ઉપર આવી ગયો છે અને શુક્રવારની સેશનમાં તેમાં રૂા. ૯૬૮નો ઉછાળો જોવાયો. આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૭૫૦૦૦ અને તે પછી રૂા. ૭૬૦૦૦ના ભાવની સંભાવના છે. નબળા પાયા ઉપર આ શેરમાં પણ તેજી આગળ વધવાની જગ્યા છે.

સિંઘાનિયા ગ્રૂપની **જે.કે. ટાયર** અત્યારે રૂા. ૧૨૬ ઉપર ચાલે છે અને તેમાં શોર્ટટર્મમાં ટૂંકી વધઘટનો તબક્કો ચાલી રહ્યો છે. મોટી વધઘટ હાલના તબક્કે આ શેરમાં જોવા મળે તે સંભાવના નથી દેખાતી.

ઓફરોડ ટાયરો બનાવતી **બાલક્રિષ્ણ ઇન્ડસ્ટ્રીઝ** અત્યારે રૂા.૨૧૧૭ ઉપર છે અને આ શેર સ્પષ્ટ મંદીમાં આગળ વધી રહ્યો છે. લોંગટર્મ એન્ગલથી ભલે આ શેર ભેગા કરાય, પરંતુ શોર્ટટર્મમાં આ શેરમાં આવતા થોડા દિવસોમાં ઘટાડા સાથે રૂા. ૨૦૦૦ની અંદર ભાવ ઊતરી જાય અને રૂા. ૧૯૫૨નો ભાવ જોવા મળે તો સહેજેય નવાઈ નહિ લાગે.

ટીવીએસ શ્રીચક્રમાં પણ અત્યારે ઘટાડાનો ટ્રેન્ડ છે. રૂા. ૨૦૦૦ના લેવલથી ધીરે ધીરે ઘટીને આ શેર અત્યારે રૂા. ૧૬૩૫ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૫૯૦ સુધી ભાવ ઉતરી જવાની સંભાવના મજબૂત છે અને તેથી આ શેરમાંથી પણ હળવા થઈ જવામાં સલામતી. **સીએટ** કે **ગુડિયર**માં પણ લાંબો કસ નથી દેખાતો.

ઓટોમોબાઈલ ઉપરાંત સામાન્ય રીતે પાવર જનરેટર અને ટેલિકોમ ટાવરોમાં એન્જિન વપરાય છે અને આ તમામ સેક્ટરમાં અત્યારે માંગ ઠંડી છે. **કમિન્સ ઇન્ડિયા**નો શેર રૂા. ૧૧૫૦ના લેવલથી ઘટીને અત્યારે રૂા. ૯૯૧ ઉપર આવ્યો છે અને છેલ્લા સાત અઠવાડિયા દરમ્યાન આ તીવ્ર ઘટાડો જોવાયો અને આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૯૫૭ના ભાવની સંભાવના મજબૂત છે અને તેથી આ શેરમાંથી દૂર રહેવામાં જ સલામતી.

સ્વરાજ એન્જિનના શેરમાં કોઈ જ આકર્ષણ નથી રહ્યું. ૩૦ વર્ષ પહેલા સ્વરાજ એન્જિને ઈન્વેસ્ટરોને જોરદાર કમાણી આપી હતી પરંતુ તે પછી તેની ચમક અદૃશ્ય થઈ ગઈ છે. અત્યારના રૂા. ૧૫૨૭ના ભાવે આ શેરમાં મોટો ઘટાડો નથી દેખાતો પરંતુ ઉછાળો પણ હાલના તબક્કે ઠંડો છે.

ગ્રીવ્સ કોટન અને **કિર્લોસ્કર ઓઈલ એન્જિન**ના શેરમાં પણ કસ નથી અને આ બંને શેરોમાંથી એક્સપોઝર કાપતા જવું ખૂબ જ સલાહભરેલ.

અત્યાર સુધી બેરિંગ કંપનીઓના આંકડા કંઈક સારા આવતા હતા. ઓટોમોબાઈલમાં વેચાણો સ્થગિત થઈ ગયા હોવા છતાં ઈન્ડસ્ટ્રીમાં વેચાણો સારા હતા અને તે પાછળ બેરિંગ કંપનીઓની નફાશક્તિ અને ભાવ ટકી રહ્યા હતા પરંતુ હવે આ શેરોમાં પણ ઘટાડાનો તબક્કો શરૂ થઈ ગયો છે.

જર્મન કંપની **એસકેએફ ઇન્ડિયા**નો શેર રૂા. ૩૬૦૦ના લેવલથી ઘટીને અત્યારે રૂા. ૩૧૭૮ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૨૯૮૯નો ભાવ જોવા મળી જવાની સંભાવના મજબૂત છે.

સ્કેફ્લર ઇન્ડિયામાં પણ છેલ્લા ચાર મહિના દરમ્યાન મજબૂત તેજી જળવાઈ રહી પરંતુ હવે આ શેર પણ છેલ્લા ત્રણ અઠવાડિયામાં રૂા. ૨૪૨૦ના લેવલથી તૂટીને રૂા. ૨૦૬૦ ઉપર આવ્યો છે અને આ શેરમાં આગામી દિવસોમાં મહત્ત્વનું રેઝિસ્ટન્સ તૂટ્યું હોવાથી નીચામાં રૂા. ૨૦૨૦ અને તે પછી રૂા. ૧૯૬૯નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. **મેનન બેરિંગ**ના શેરમાં પણ લાંબો કસ નથી દેખાતો. આ શેર રૂા. ૧૦૦ના લેવલથી તૂટીને અત્યારે રૂા. ૭૭ ઉપર આવી ગયો છે અને તેમાં પણ વધારે ઘટાડા સાથે રૂા. ૭૧નો ભાવ આવી જવાની ગણતરી છે. **ટીમકેન ઇન્ડિયા** કે **એનઆરબી બેરિંગ**માં પણ અત્યારે કોઈ જ આકર્ષણ નથી.

ઓટોએન્સિલરી સેક્ટરમાં અત્યારે મોટું પરિવર્તન શરૂ થઈ ગયું છે. ઉત્પાદકો ખૂબ જ ઝડપથી પેટ્રોલ અને ડિઝલ એન્જિનમાંથી ઈલેક્ટ્રિક વાહનમાં શિફ્ટ થઈ રહ્યા છે અને તેથી અમૂક પ્રોડક્ટની માંગ સદંતર અદૃશ્ય જ થઈ ગઈ છે. અત્યારે જે ઉત્પાદકો એન્જિન માટેનું એલ્યુમિનિયમ કાસ્ટિંગ બનાવે છે અથવા તો એન્જિન ગાસ્કેટ, ક્રેમસાફ્ટ વગેરેનું ઉત્પાદન કરે છે તેઓનું માર્કેટ આવતા થોડા વર્ષોમાં સંપૂર્ણ અદૃશ્ય થઈ ગયું હશે કારણ કે નવા ઈલેક્ટ્રિક વાહનોમાં એન્જિન જ નથી હોતું તો પછી તેનું કાસ્ટિંગ ક્યાં વપરાશે અને કેમસાફ્ટ પણ ક્યાંથી જોઈએ ? આમ અત્યારના તબક્કે મોટા ભાગના ઓટોએન્સિલરી શેરોમાં અત્યારે નબળાઈ અને પરિવર્તનનો તબક્કો ચાલી રહ્યો હોવાથી સેન્ટિમેન્ટ થોડુંક નબળું પડ્યું છે અને જ્યાં સુધી અલગ અલગ કંપનીઓની પ્રોડક્ટ રેન્જ અને તેમની સ્ટ્રેટેજી સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તેમાં રોકાણનું આકર્ષણ ડાઉન છે. બેટરી બનાવતી કંપનીઓની વાત કરીએ તો અત્યારના નવા ઈલેક્ટ્રિક વાહનોમાં ક્યાંક એક્સાઈડ કે અમરરાજાની બેટરી નથી વપરાતી. અલગ બેટરીઓ વપરાય છે અને તેથી સ્વાભાવિક છે કે પાંચથી સાત વર્ષ પછી આ બંને કંપનીઓની હાલત શું હશે તે કલ્પના કરવી મુશ્કેલ છે. શેરબજાર

હંમેશાં ભાવિ ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને ચાલતું હોય છે અને તેથી આ પાસું જોઈએ તો એક્સાઈડ અને અમરરાજામાંથી પણ આકર્ષણ ગૂમ થઈ ગયું છે. નવા ઈલેક્ટ્રિક વાહનોમાં રેડીએટરની જરૂર પણ નથી અને તેથી રેડીએટર બનાવતી કંપનીઓ પાંચ-સાત વર્ષ પછી ક્યાં હશે તે કહેવું મુશ્કેલ છે અને આ પરિસ્થિતિ હોવાને કારણે હાલના તબક્કે ઉત્સાહપૂર્વક ઓટોએન્સિલરી શેરોમાં રોકાણ રાખવાને બદલે તેમાંથી હળવા થઈ જવાની વ્યૂહરચના અપનાવવી. સરળભાષામાં કહીએ તો વિજ્ઞાન એટલી ઝડપથી પરિવર્તન થઈ રહ્યું છે કે અસંખ્ય ઉદ્યોગો જોતજોતામાં અદૃશ્ય થઈ જાય છે. થોડા વર્ષો પહેલા પેજર વપરાતા હતા તે પેજર જતા રહ્યા. ફેક્સ મશીન અત્યારે નથી ખરીદાતા. ટેલિફોન બૂથની આવશ્યકતા નથી રહી. આમ આ જ ટ્રેન્ડ અત્યારે ઓટોએન્સિલરી શેરોને નડી રહ્યો છે અને તેથી તેમાં પણ સમજપૂર્વક હળવા થવામાં ડાહપણ છે.

વાસ્તવમાં અત્યારે જે રીતે રૂપિયાનું ધોવાણ થઈ રહ્યું છે અને સામે પક્ષે અમેરિકન અર્થતંત્ર ફુલ તેજીમાં છે તેનો મોટો ફાયદો દેશની ટોચની આઈટી કંપનીઓને મળી રહ્યો છે પરંતુ સામે પક્ષે અત્યારની એફઆઈઆઈની વેચવાલીને કારણે આઈટી શેરોમાં પણ તીવ્ર ઘટાડો જોવાયો છે અને આવતા થોડા દિવસો હજી એફઆઈઆઈ કે જેઓ આઈટી શેરોમાં જંગી રોકાણ ધરાવે છે તેઓ સતત વેચતા જશે તે નક્કી છે. અને તેથી આઈટી શેરો ઘટવાના. પરંતુ અત્યારના તબક્કે આ શેરોનું ભાવિ જોરદરા હોવાથી તે શેરો ઉપર તમારે ફોકસ વધારતા જવું સલાહભરેલ છે.

અત્યારની પરિસ્થિતિમાં ટોચની આઈટી કંપનીઓ ટીસીએસ, ઈન્ફોસીસ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનોલોજી અને વિપ્રોના બિઝનેસ તીવ્ર દરે વધી રહ્યા છે. અને સાથે સાથે રૂપિયો ૭૪ના લેવલથી થોડા અઠવાડિયામાં ૮૦ થશે તો સ્વાભાવિક છે કે ડોલરમાં મળતી તેમની આવકોમાં નાખી દેતા ૧૦ ટકાનો ઉછાળો આવી જશે અને તે તફાવત સીધે સીધો તેમના નફામાં ઉમેરાવાનો. આમ અત્યારે દરેક ઘટાડે ઉપરોક્ત પાંચ આઈટી શેરોમાં આંખ મીંચીને રોકાણ વધારતા જવાની ચાણક્યની સ્પષ્ટ સલાહ છે અને તેમાં વધારે ઘટતા ભાવનો ફાયદો મળે તે માટે આ શેરોમાં એસઆઈપીની રીતે દર અઠવાડિયે થોડું થોડું રોકાણ કરવું.

સામે પક્ષે બીજી આઈટી કંપનીઓમાં કર્મચારીઓનો રેશિયો નડી રહ્યો છે. અત્યાર સુધી અમદાવાદ જેવા સેન્ટરોમાં આઈટી કંપનીઓને ઓછો પગાર ચૂકવવો પડતો હતો પરંતુ લોકડાઉન અને વર્ક ફોર્મ હોમ આવ્યા પછી અમદાવાદના આઈટી પ્રોફેશનલ પણ બેંગ્લોરના આઈટી પ્રોફેશનલ જેટલો જ પગાર કમાતો થઈ ગયો છે અને તે મધ્યમ સાઈઝની આઈટી કંપનીઓને ભારે પડી રહ્યું છે. મધ્યમસાઈઝની આઈટી કંપનીઓ ઈન્ફોસીસ અને ટીસીએસની જેમ પોતાના ચાર્જ વધારી શકતી નથી. અને તેથી તેમના માર્જીનોને અસર પડવા લાગી છે. અને તેથી બીજી હરોળની આઈટી કંપનીઓમાં હાલના તબક્કે એક્સપોઝર ન વધારવાની સલાહ છે અને શક્ય હોય તો આવી બીજી